| GJMR040009372022 | | દાખલ તારીખ | ૨૮/૦૪/૨૦૨૨ | | |
|---|---|---|---|---|---|
| | | રજી. તારીખ | ૨૮/૦૪/૨૦૨૨ | | |
| | | ફેસલ તારીખ | ૨૫/૦૩/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૩ | ૧૦ | ૧૭ |

**વાંકાનેરના મહે. એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મું. વાંકાનેર, જી. મોરબી.**

**ફો.કેસ.નં.૭૩૨/૨૦૨૨**
**આંક-..............**

**ફરીયાદી:-** શ્રી સરકાર

**વિ રૂ ધ્ધ**

**આરોપીઓ:- (૧) મહેશભાઇ દેવજીભાઇ ખીમસુરીયા**
ઉવ:૨૮,રહે. નવાથોરાળા,તા-જી રાજકોટ.
**(૨)રાહુલભાઇ ધીરૂભાઇ દેવીપુજક**
રહે:જારીયા,તા-જી રાજકોટ.

**ગુન્હો:** પ્રોહીબીશન એકટ કલમ-૬૫(ઈ),૯૮(૨),૮૧, મુજબના ગુના સબબ.....

---

સરકારશ્રી તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એ.એન.પટેલ
આરોપી નં.૧ તર્ફે મીનાક્ષીબેન વોરા
આરોપી નં.ર તરફે વિધ્વાન વકીલશ્રી વી.એ.ગોહેલ

---

**:: ઠ રા વ ::**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત જોવામા આવે તો, તમો આરોપીઓએ તા. ૨૨/૦૯/૨૦૨૧ ના કલાક ૦૯:૫૦ વાગ્યે તમો આ કામના આરોપી નં.(૧) નાએ પોતાના હવાલાવાળી સીએનજી રીક્ષા નં. GJ 03 BX 0913 કી.રૂા. ૧,૦૦,૦૦૦/- વાળીમાં ગે.કા. પાસ પરમીટ કે આધાર વગર દેશી પીવાનો દારૂ ભરેલ પ્લાસ્ટીકના બાચકા

નંગ–૨ દેશી દારૂ લી. ૧૦૦ કી.રૂા.૨૦૦૦/– નો વેચાણ કરવાના ઈરાદે નીકળી મળી આવેલ તેમજ આરોપી નં. (૨) એ ઉપરોકત દારૂના બાચકાઓ ભરી આપી હેરાફેરી કરાવી એકબીજાને મદદગારી કરી કુલ રૂા. ૧,૦૨,૦૦૦/– ના મુદામાલ સાથે મળી આવી તમો બંને આરોપીએ પ્રોહીબીશન એકટ કલમ–૬૫(ઈ), ૯૮(૨), ૮૧ મુજબનો ગુનો બનતો હોય તે અંગેનુ ચાર્જશીટ કરી ઈન્સાફી કાર્યવાહી માટે નામ. કોર્ટ સમક્ષ રજૂ કરેલ છે.

(૨) <u>ન્યાયીક કાર્યવાહી</u>

આ કામનાં આરોપીને આ અદાલત ધ્વારા સમન્સ ઈશ્યુ થતા, આરોપી આ અદાલત સમક્ષ હાજર થતા, આરોપીને તેઓના બચાવ માટે સી.આર.પી.સી. કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ. આંક– ૦૮ થી તહોમતનામું વાંચી સંભળાવી, સમજાવી ફરમાવવામાં આવેલ અને તે બાબતે આરોપીઓની પ્લી આંક– ૦૯ થી આંક–૧૦ સુધી લેવામાં આવેલ. જેમાં આરોપીએ પોતાની સામેનાં આક્ષેપાયેલ ગુનાંનો સ્પષ્ટ ઈન્કાર કરતાં, ફરીયાદપક્ષે પુરાવાની કાર્યવાહી આગળ ચલાવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામા આવેલ છે.

<u>–: મૌખિક પુરાવો :–</u>

| અનું.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | બાબુભાઈ ઉર્ફે બાલો મોહનભાઈ ડાભી ની જુબાની | ૧૮ |
| ૨. | અજીતભાઇ ભુરાભાઇ સોલંકી ની જુબાની | ૨૨ |
| ૩. | શકિતસિંહ જનકભાઇ જાડેજા ની જુબાની | ૨૩ |
| ૪. | હીરાભાઇ તેજાભાઇ મઠીયા ની જુબાની | ૨૫ |

<u>–:દસ્તાવેજી પુરાવો:–</u>

| અનું.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચનામુ | ૧૯ |

| | | |
|---|---|---|
| ૨. | ફરીયાદ | ૨૪ |
| ૩. | ગુન્હા રીપોર્ટ | ૨૬ |
| ૪. | ડેપ્યુટ હુકમ | ૨૭ |
| ૫. | રવાનગી પત્રક | ૨૮ |

**(૪)** ત્યારબાદ આરોપીઓનું ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો હોય વિશેષ નીવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓએ ફરીયાદ પક્ષના પુરાવનો ઈનકાર કરેલ છે અને નિર્દોષ હોવાનુ જણાવેલ છે.

**(૫)** ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તર્ફેના વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

**(૬)** આ કેસની ઉપરોકત હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજુ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાયો તેમજ ઉભયપક્ષની રજૂઆતો ઘ્યાને લેતાં મારા નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>:: મુદાઓ ::</u>**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આરોપીઓએ તા. ૨૨/૦૯/૨૦૨૧ ના કલાક ૦૯:૫૦ વાગ્યે તમો આ કામના આરોપી નં.(૧) નાએ પોતાના હવાલાવાળી સીએનજી રીક્ષા નં. GJ 03 BX 0913 કી.રૂ. ૧,૦૦,૦૦૦/– વાળીમાં ગે.કા. પાસ પરમીટ કે આધાર વગર દેશી પીવાનો દારૂ ભરેલ પ્લાસ્ટીકના બાચકા નંગ–૨ દેશી દારૂ લી. ૧૦૦ કી.રૂ.૨૦૦૦/– નો વેચાણ કરવાના ઈરાદે નીકળી મળી આવેલ તેમજ આરોપી નં. (૨) એ ઉપરોકત દારૂના બાચકાઓ ભરી આપી હેરાફેરી કરાવી એકબીજાને મદદગારી કરી કુલ રૂા. ૧,૦૨,૦૦૦/– ના મુદામાલ સાથે મળી આવી તમો બંને આરોપીએ પ્રોહીબીશન એકટ કલમ–૬૫(ઈ), ૯૮(૨), ૮૧ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત મુદાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

**:: કા ર ણો ::**

**મુદા નં. ૧:–**

(૯) ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શકપણે સાબિત કરવો જોઈએ તેવો ક્રીમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાત છે. નામદાર સર્વોચ્ચ અદાલતે તેઓના ચુકાદા રબિન્દ્રકુમાર દેય વિ. સ્ટેટ ઓફ ઓરીસ્સામાં ઠરાવેલ છે કે,

Three cardinal principles of criminal jurisprudence are well settled namely:

(1) that the onus lies affirmatively on the prosecution to prove its case beyond reasonable doubt and it cannot derive and benefit from weakness or falsity of the defence version while proving its case;

(2) that in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty; and

(3) that the onus of the prosecution never shifts.

ઉપરોકત સ્થાપિત સિધ્ધાંતને નજર સમક્ષ રાખી આ કામમાં પડેલા પુરાવાની બચાવપક્ષે થયેલ દલીલોને ધ્યાને રાખી પુરાવાનુ મુલ્યાંકન કરેલ છે.

(૧૦) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે રજુ થયેલ દસ્તાવેજી તથા મૌખિક પુરાવો વંચાણે લેતાં ફરીયાદપક્ષે પંચસાહેદ બાબુભાઇ ઉર્ફે બાલો મોહનભાઇ ડાભી નો આંક–૧૮ નો મૌખિક પુરાવો જોતા આંક– ૧૯ થી રજુ પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર પંચ સાહેદ પંચનામાંની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નહી હોવાથી વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ હતાં અને ત્યારબાદ તેઓની વિસ્તૃત ઉલટતપાસ છતાં પંચનામાની

હકીકતોને સમર્થન આપેલ નથી. આમ, આંક– ૧૯ ના પંચનામાની હકીકત પુરવાર થયેલ નથી.

(૧૧) આ કામે ફરીયાદપક્ષે સાહેદ અજીતભાઇ ભુરાભાઇ સોલંકી નો આંક– ૨૨ નો મૌખિક પુરાવો વંચાણે લીધો તેમાં તેઓ ઈ તા. ૨૨/૦૯/૨૦૨૧ ના રોજ અમો તથા પો.હેડ કોન્સ.–હરપાલસિંહ જયેન્દ્રસિંહ તથા પો.કો.–શક્તિ જનકસિંહ તથા પો.કો.–મુકેશભાઈ ફાંગલીયા ના ઓ તથા અમારી સાથેના એ.એસ.આઇ. શ્રી એચ.ટી.મઠીયા સાહેબ સાથે વાંકાનેર સીટી વિસ્તાર માં પેટ્રોલીંગ માં હતા તે દરમ્યાન વાંકાનેર હસનપર ગામ નજીક આવેલ ખોડીયાર હોટલ પાસ એક વાંકાનેર તરફ થી એક સી.એન.જી. રીક્ષા શંકાસ્પદ હાલત માં નીકળતા રીક્ષાને ઉભી રખાવી પેસેન્જરો ને બેસવાની શીટ માં પ્લાસ્ટીકના બાચકા ભરેલ હોય તેવી ચોકકસ હકીકત હોય જેથી અમો એ બે રાહદારી પંચોને બોલાવી હકીકતની સમજ કરી પંચોએ પંચમાં રહેવા સહમતિ દર્શાવેલ અમો પંચો તથા પોલીસની અરસ પરસ ઝડતી તપાસ કરી પ્રોહિને લગતી કોઈ ચીજ વસ્તુ નહી હોવાની ખાતરી કરી પ્રાથમિક પંચનામું કરેલુ. અમો પોલીસ સ્ટાફના માણસો તથા પંચો હસનપર ખોડીયાર હોટલ એક સી.એન.જી. રીક્ષા જીજે – ૦૩– વી એકસ – ૦૯૧૩ વાળો જોવા મળેલ. જેથી ઈશારો કરી સી.એન.જી. રીક્ષા ઉભી રખાવી ડ્રાયવરને નીચે ઉતારી મજકુરનુ નામ ઠામ પુછતા મહેશભાઈ દેવજીભાઈ ખીમસુરીયા રહે. નવા થોરાળા, રાજકોટ વાળો હોવાનું જણાવેલ. સદર ઈસમને સાથે રાખી રીક્ષા ની તલાશી લેતા પ્લાસ્ટીકના બાચકા નંગ–૦૨ જોવા મળેલા જે નીચે ઉતારી એક બાચકામાં પાંચ લીટરની ક્ષમતાવાળા બુંગીયા નંગ–૧૧જુ તમામ બુંગીયાના મોઢા ખોલી સંધુ સુંઘાડી જોતા દેશી દારુ જેવી ખાટી અને તીવ્ર વાસ આવતી હોય સદર દારૂ રાખવા બાબતેની પાસ પરમીટ કે આધાર પુરાવો માંગતા ન હોવાનું જણાવેલ અને તમામ કોથળીમાંથી ૨૦૦ એમ.એલ. જેટલુ એક કાચની બોટલમાં લઈ એફ.એસ.એલ. તપાસ અર્થે પી.આઇ. વાંકાનેર સીટીના હોદદાનુ સીલ કરી તપાસ અર્થે કબ્જે કરી બાચકા નં ગ–૨ તેમાં બુંગીયા નંગ–૧૦, દારુ લીટર ૧૦૦ જેની કીમત રૂા.૨,૦૦૦/– તેમજ ઉપરોકત નંબર વાળી રીક્ષા ની કીમત રૂા. એક લાખ રૂપીયા ગણી આમ કુલ મુદામાલ ની કીમત રૂા. ૧ ,૦૨,૦૦૦/– ગણી તપાસ ના કામે કબજે કર્યા અંગેનું વિગતવારનુ પંચનામુ એચ.ટી.મઠીયા સાહેબે કરેલું. ત્યારબાદ અમારી સાથેના શકિતસિંહ જનકસિંહ એ પો.સ્ટે. જઈ આ ગુન્હાની ફરીયાદ આપેલાનુ જણાવેલ છે.

સદર સાહેદ ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારે છે કે, બનાવ વાળા સ્થળે હસનપર ફાટક હોય જેથી વાહનો ની તથા પેસેન્જરોની સતત અવર જવર હોય છે. મારા

નિવેદન માં પંચોના નામ સરનામા જણાવેલા નથી. અમારા ઉપલા અધિકારી દવારા પ્રોહી ની અને જુગારની સ્પે.ડ્રાઈવ રાખવામાં આવે છે.

(૧૨) આ કામે ફરીયાદપક્ષે સાહેદ શકિતસિંહ જનકસિંહ જાડેજા નો આંક– ૨૩ નો મૌખિક પુરાવો વંચાણે લીધો તેમાં તેઓ ગઈ તા.૨૨/૦૯/૨૦૨૧ ના રોજ અમો તથા પો.હેડ કોન્સ.–હરપાલસિંહ જયેન્દ્રસિંહ તથાપો.કો.–અજીતભાઈ ભુરાભાઈ તથા પો.કો.–મુકેશભાઈ ફાંગલીયા ના ઓ તથા અમારી સાથેના એ.એસ.આઇ. શ્રી એચ.ટી.મઠીયા સાહેબ સાથે વાંકાનેર સીટી વિસ્તાર માં પેટ્રોલીંગ માં હતા તે દરમ્યાન વાંકાનેર હસનપર ગામ નજીક આવેલ ખોડીયાર હોટલ પાસે એક વાંકાનેર તરફ થી એક સી.એન.જી. રીક્ષા શંકાસ્પદ હાલત માં નીકળતા રીક્ષાને ઉભી રખાવી પેસેન્જરો ને બેસવાની શીટ માં પ્લાસ્ટીકના બાચકા ભરેલ હોય તેવી ચોકકસ હકીકત હોય જેથી અમો એ બે રાહદારી પંચોને બોલાવી હકીકતની સમજ કરી પંચોએ પંચમાં રહેવા સહમતિ દર્શાવેલ અમો પંચો તથા પોલીસની અરસ પરસ ઝડતી તપાસ કરી પ્રોહિને લગતી કોઈ ચીજ વસ્તુ નહી હોવાની ખાતરી કરી પ્રાથમિક પંચનામું કરેલુ. અમો પોલીસ સ્ટાફના માણસો તથા પંચો હસન પર ખોડીયાર હોટલ પાસે એક સી.એન.જી. રીક્ષા જી જે – ૦૩ – વી એસ – ૦૯૧૩ વાળો જોવા મળેલ. જેથી ઈશારો કરી સી.એન.જી. રીક્ષા ઉભી રખાવી ડ્રાયવરને નીચે ઉતારી મજકુરનું નામ ઠામ પુછતા મહેશભાઈ દેવજીભાઈ ખીમસુરીયા રહે. નવા થોરાળા, રાજકોટ વાળો હોવાનું જણાવેલ. સદર ઈસમને સાથે રાખી રીક્ષા ની તલાશી લેતા પ્લાસ્ટીકના બાચકા નંગ–૦૩–જોવા મળેલા જે નીચે ઉતારી એક બાચકામાં પાંચ લીટરની ક્ષમતાવાળા બુંગીયા નંગ– ૧૦: તમામ બુંગીયાના મોઢા ખોલી સંધુ સુંઘાડી જોતા દેશી દારૂ જેવી ખાટી અને તીવ્ર વાસ આવતી હોય સદર દારૂ રાખવા બાબતેની પાસ પરમીટ કે આધાર પુરાવો માંગતા ન હોવાનું જણાવેલ અને તમામ કોથળીમાંથી ૨૦૦ એમ.એલ. જેટલું એક કાચની બોટલમાં લઈ એફ.એસ.એલ. તપાસ અર્થે પી.આઇ. વાંકાનેર સીટીના હોદદાનુ સીલ કરી તપાસ અર્થે કબ્જે કરી બાચકા નંગ–૨ તેમાં બુંગીયા નંગ–૧૦, દારૂ લીટર ૧૦૦ જેની કીમત રૂ.૨,૦૦૦/– તેમજ ઉપરોકત નંબર વાળી રીક્ષા ની કીંમત રૂ. એક લાખ રૂપીયા ગણી આમ કુલ મુદામાલ ની કીમત રૂ. ૧,૦૨,૦૦૦/– ગણી તપાસ ના કામે કબજે કર્યા અંગેનું વિગતવારનું પંચનામું એચ.ટી.મઠીયા સાહેબે કરેલાનુ જણાવેલ છે.

સદર સાહેદ ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારે છે કે, બનાવ વાળા સ્થળે હસનપર ફાટક હોય જેથી વાહનો ની તથા પેસેન્જરોની સતત અવર જવર હોય છે. મારી ફરીયાદ પંચોના નામ સરનામા જણાવેલા નથી. અમારા ઉપલા અધિકારી દવારા પ્રોહી ની અને જુગારની સ્પે.ડ્રાઈવ રાખવામાં આવે છે.

(૧૩) આ કામે ફરીયાદપક્ષે ત.ક.અ. હીરાભાઇ તેજાભાઇ મઠીયા નો આંક– ૨૫ નો મૌખિક પુરાવો વંચાણે લીધો તેમાં તેઓ ગઇ તા.૨૨/૦૯/૨૦૨૧ ના રોજ અમો તથા પો.હેડ કોન્સ.–હરપાલસિંહ જયેન્દ્રસિંહ તથાપો.કો.–અજીતભાઈ ભુરાભાઈ તથા પો.કો.–મુકેશભાઈ ફાંગલીયા ના ઓ તથા પો.હેડ કોન્સ.–શક્તિસિંહ જનકસિહં એમ બધા વાંકાનેર સીટી વિસ્તાર માં પેટ્રોલીંગ માં હતા તે દરમ્યાન વાંકાનેર હસનપર ગામ નજીક આવેલ ખોડીયાર હોટલ પાસે એક વાંકાનેર તરફ થી એક સી.એન.જી. રીક્ષા શંકાસ્પદ હાલત માં નીકળતા રીક્ષાને ઉભી રખાવી પેસેન્જરો ને બેસવાની શીટ માં પ્લાસ્ટીકના બાચકા ભરેલ હોય તેવી ચોકકસ હકીકત હોય જેથી અમો એ બે રાહદારી પંચોને બોલાવી હકીકતની સમજ કરી પંચોએ પંચમાં રહેવા સહમતિ દર્શાવેલ અમો પંચો તથા પોલીસની અરસ પરસ ઝડતી તપાસ કરી પ્રોહિને લગતી કોઈ ચીજ વસ્તુ નહી હોવાની ખાતરી કરી પ્રાથમિક પંચનામુ કરેલુ. અમો પોલીસ સ્ટાફના માણસો તથા પંચો હસનપર ખોડીયાર હોટલ પાસે એક સી.એન.જી. રીક્ષા જી જે – ૦૩ વી એકસ ૦૯૧૩ વાળો જોવા મળેલ. જેથી ઈશારો કરી સી.એન.જી. રીક્ષા ઉભી રખાવી ડ્રાયવરને નીચે ઉતારી મજકુરનુ નામ ઠામ પુછતા મહેશભાઈ દેવજીભાઈ ખીમસુરીયા રહે. નવા થોરાળા, રાજકોટ વાળો હોવાનું જણાવેલ. સદર ઈસમને સાથે રાખી રીક્ષા ની તલાશી લેતા પ્લાસ્ટીકના બાચકા નંગ–ત્તર જોલર મળેલા જે નીચે ઉતારી એક બાચકામાં પાંચ લીટરની ક્ષમતાવાળા બંગીયા નંગ–૧૦ તમામ બ ગીયાના મોઢા ખોલી સંધુ સુધાડી જોતા દેશી દારૂ જેવી ખાટી અને તીવ્ર વાસ આવતી હોય સદર દારૂ રાખવા બાબતેની પાસ પરમીટ કે આઘાર પુરાવો માંગતા ન હોવાનું જણાવેલ અને તમામ કોથળીમાંથી ૨૦૦ એમ.એલ. જેટલું એક કાચની બોટલમાં લઈ એફ.એસ.એલ. તપાસ અર્થે પી.આઇ. વાંકાનેર સીટીના હોદદાનુ સીલ કરી તપાસ અર્થે કબ્જે કરી બાચકા નંગ–૨ તેમાં બુંગીયા નંગ–૧૦, દારુ લીટર ૧૦૦. જેની કીમત રૂા.૨,૦૦૦/– તેમજ ઉપરોકત નંબર વાળી રીક્ષા ની કીમત રૂા. એક લાખ રૂપીયા ગણી આમ કુલ મુદામાલ ની કીમત રૂા. ૧,૦૨,૦૦૦/– ગણી તપાસ ના કામે કબજે કર્યા અંગેનું વિગતવારનું પંચનામુ અમોએ કરેલું, ત્યારબાદ અમારી સાથેના શક્તિસિંહ જનકસિંહ ના ઓ એ પો.સ્ટે. જઈ આ ગુન્હાની ફરીયાદ આપેલી. સદર ગુન્હાની અમોને તપાસ સોંપતા તપાસ ના કામે મે પોલીસ સાહેદોના નિવેદનો લીધેલા. તેમજ સદર મુદામાલ એફ.એસ.એલ. તપાસણી અર્થે રવાનગી પત્રક મોકલી આપેલ તેમજ સદર સી.એન.જી. રીક્ષા કબજે કરેલ તેના કાગળો તપાસ ના કામ માં સામેલ રાખેલા જે આજ રોજ રજુ કુર છું. જેથી આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય મે આ ગુન્હાનું ચાર્જશીટ કરેલાનુ જણાવેલ છે.

સદર સાહેદ ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારે છે કે, બનાવ વાળા સ્થળે હસનપર ફાટક હોય જેથી વાહનો ની તથા પેસેન્જરોની સતત અવર જવર હોય છે. સી.એન.જી. રીક્ષા ના ચાલકનું નિવેદન લઈ ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી. કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. કબજે કરેલ મુદામાલ દારુ છે કે નહી તે જયા સુધી એફ.એસ.એલ. રીપોર્ટ માં ન આવે ત્યા સુધી કહી શકાય નહી કે કબજે કરેલ મુદામાલ દેશી દારુ છે. અમારા ઉપલા અધિકારી દવારા પ્રોહી ની અને જુગારની સ્પે.ડ્રાઈવ રાખવામાં આવે છે.

(૧૪) ઉપરોકત ફરીયાદ પક્ષનો પુરાવાનુ મુલ્યાંકન કરતા ફરીયાદી તથા પોલીસ સાહેદોના પુરાવામાં આરોપીઓના કબજા માંથી દેશી પીવાનો દારૂ ભરેલ પ્લાસ્ટીકના બાચકા નંગ–૨ દેશી દારૂ લી. ૧૦૦ કી.રૂા.૨૦૦૦/– જેટલો મુદામાલ કબજે કરેલાનુ જણાવેલ છે. તેમજ સદર મુદ્દામાલ જે સ્વંતત્ર પંચોની હાજરીમાં કબજે કરેલાનુ જણાવેલ છે. તે પંચ સાહેદો ફરીયાદ પક્ષના પુરાવાને સર્મથન કરતા નથી. તેમજ તેઓની હાજરીમાં આરોપી પાસેથી મુદ્દામાલ કબજે કરેલ હોવાની હકીકતને સમર્થન કરેલ નથી. જેથી પોલીસ સાહેદોના પુરાવા આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. જેથી ફરીયાદ પક્ષ દ્રારા રજુ કરવામાં આવેલ પુરાવાના આધારે આ કામના આરોપીને હાલના ગુના સાથે સાકળી શકાય નહી તેવો પુરાવો નથી તેવુ આ અદાલતનુ નમ્ર પણે માનવુ છે. વધુમાં **માનસીંગ મુલુભાઈ કાઠી દરબાર વિરુઘ્ઘ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૨ જી.એલ. એચ. ઈ.એલ.એચ.સી. પાના નં.૨૨૭૬૯૮** માં પ્રસ્થાપિત સિઘ્ધાંત મુજબ ''જો પંચ સાહેદો ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મુદ્દામાલ શીલ કરેલાનો શંકા ઉપજાવતો હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો વિરોઘાભાસ જણાતો હોય તો આરોપીને શં કાનો લાભ આપી શકાય.'' ઉપરોકત ચર્ચા કરેલ કારણોસર હાલના આરોપીને તકસીરવાન ઠરાવવા માટે પુરાવો નથી. આ તમામ સંજોગોમાં ફરીયાદપક્ષ ઘ્વારા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓને મૌખિક પુરાવાનું સમર્થન પ્રાપ્ત થતું નથી, તે તમામ સંજોગોમાં ફરીયાદપક્ષ આ કામના આરોપી સામે મુદ્દા નં.૧ માં મુકવામાં આવેલ તહોમત નિ:શંકપણે પુરવાર કરી શકતાંન હોય તેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપું છું અને મુદ્દા નં.૨ અં ગે નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) આ કામનાં આરોપી**(૧) મહેશભાઇ દેવજીભાઇ ખીમસુરીયા,** જાતે:અનુ:જાતિ,ઉવ:૨૮,રહે. નવાથોરાળા,તા–જી રાજકોટ.**(૨)રાહુલભાઇ ધીરૂભાઇ દેવીપુજક,**રહે:જારીયા,તા–જી રાજકોટ નાઓને બી.એન. એસ.એસ.ની કલમ–૨૭૧(૧) અન્વયે પ્રોહીબીશન એકટ કલમ–૬૫(ઈ),૯૮(૨)૮૧, મુજબનાં શિક્ષાપાત્ર ગુના માંથી પુરાવાના અભાવે નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ.ની કલમ–૨૮૧ અન્વયે અપીલ પીરીયડ માટેના દકે આરોપીએ રૂપીયા ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે કબ્જે કરેલ મુદામાલ દારૂનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા મુદામાલ વાહન અંગે જો વચ્ચગાળાનો હુકમ કરવામાં આવ્યો હોય તો તે કાયમી રાખવામાં આવે છે. મુદામાલ વાહન માલીકીની ખરાઈ કરીને તેના મુળ માલીકને પરત સોંપવાનો આથી હુકમ કરવામાં આવે છે._

હુકમ આજ તારીખ :૨૫ , માહે : માર્ચ , સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં

વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૫/૦૩/૨૦૨૬
મુ.વાંકાનેર

**(વિરેન્દ્રસિંહ શનાભાઈ ઠાકોર)**
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
કોડ નં. જી.જે.૦૧૨૨૪